*HYMNS OF PRAISE.*

# સ્તુતિનાં ગીત.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

## સદ્ગુણ દેસાઇભાઇ દેસાઇ.

ઈ. સ. ૧૯૦૩.

પ્રત ૫૦૦; નવી આવૃતિ.

અમદાવાદ.

ધી. ડાયમંડ જ્યુબિલી પ્રીન્ટીંગ પ્રેસના માલેક
**દેવીદાસ છગનલાલ પરીખે** છાપી.

ઠેકાણું સલાપોસ દરવાજે.

સંવત ૧૯૬૦. સને ૧૯૦૩.

કિંમત ૨ આના.

**HYMNS OF PRAISE.**

# સ્તુતિનાં ગીત.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

સદ્ગુણ દેસાઇભાઇ દેસાઇ.

ઈ. સ. ૧૯૦૩

પ્રત ૫૦૦; નવી આવૃતિ

અમદાવાદ.

ધી. ડાયમંડ જ્યુબિલી પ્રીન્ટીંગ પ્રેસના માલેક
દેવીદાસ છગનલાલ પરીખે, છાપ્યું.

ઠેકાણું સલાપોસ દરવાજે.

સંવત ૧૯૬૦ સને ૧૯૦૩

કિંમત ૨ આના.

# INTRODUCTION.

This small book called "Hymns of Praise" has been compiled in keeping with its name. It is very necessary that those who are redeemed by the precious blood of the Lamb should sound forth the praises of Him who provided the Lamb. The Lamb too pre-eminently becomes the object of their praise. They have been forgiven, justified and adopted, and having tasted the love of God they await the redemption of their bodies which shall take place at the return of Christ for His own. Then they shall find themselves in full conformity with their Saviour and shall dwell in the home of the Father having the perfect expression of His love in them. The redeemed of the Lord should have their mouths wide open to sing praises to God and the Lamb, for ever and ever world without end.

At present in this wilderness journey we have nothing but manna and water for our spiritual nourishment. Those who take Christ to be their bread and asimilate Him and thus find their highest delight in Him shall pass their days in peace

and joy and at last shall dwell with the Saviour.

The redeemed ones are admitted into the holiest hence the Holy Spirit saith through the Apostle Paul, "Having therefore, brethren boldness for entering into the ( holy of ) holies by the blood of Jesus, let us offer the sacrifice of praise continually to God, that is, ( the ) fruit of ( the ) lips confessing His name." Heb. X, 19 XIII; 15.

This small book contains 46 hymns 31 of which are translated from the Roman—Urdu hymn book called "Sitaish ko, git." The 13th is a translation of the 137th hymn of "The Little Flock" and 32nd is a translation of another English hymns. 13 hymns from the 33rd to the 46th except the 38 have been taken from hymns composed by departed saints Messers Taylor, Clarkson and Glasgow and gathered in a Gujerati hymn book called Kavyarpana. The 38th hymn has the help of the 110th hymn of the Kavyarpana. This small effort is purely for the glory of God and has no other aim.

May God glorify His name. For us this time is very precious hence let us redeem it. May praises redound to His name for ever and ever. Amen.

S. D. D.

# પ્રસ્તાવના.

આ ગીતનું ન્હાનું પુસ્તક એટલે "સ્તુતિનાં ગીત" નું પુસ્તક પ્રભુના ભજન તથા વખાણને અર્થે બનાવેલું છે. જરૂર છે કે જેઓ ખ્રીસ્તના ખુનથી ખરીદાએલાં છે તેઓ ગીતોથી દેવનાં તથા હલવાનનાં સ્તોત્રો કરે. તેઓનાં પાપ માફ થએલાં છે, તેઓ ન્યાયીકરણ તથા દત્તકપુત્રપણું પામેલાં છે, તેઓએ દેવનો પ્રેમ ચાખેલો છે અને પોતાના શરીરની મુક્તિની વાટ જુએછે. વખત આવેછે કે જ્યારે તેઓ ખ્રીસ્તની સંપૂર્ણ પ્રતિમામાં દેવના ઘરમાં બિરાજશે અને દેવનો આનંદ તેઓમાં સંપૂર્ણ પ્રગટ થશે અને તેઓ પ્રભુના પ્યારનાં કિર્તન સદાકાળ ગાશે.

હાલ આ જંગલરૂપી દુનિયામાં માન્ના તથા ખડકના પાણી સિવાય આપણા આત્મિક પોષણને વાસ્તે બીજું કંઈ નથી. જેઓ ખ્રીસ્તને પોતાનો ખોરાક કરી તેને પેહેરી લેછે અને તેનામાંજ પોતાનો આનંદ માનેછે, તેઓના દિવસ દિલાસા તથા સુખમાં નિર્ગમન થશે અને આખરે શરીરમાં પોતાના તારનારની સંગાતે તેઓ વસ્તી કરશે.

લોહીથી ખરીદેલા પરમ પવિત્ર સ્થાનમાં દાખલ થએલા છે માટે કહેલું છે કે "હવે ઓ ભાઇઓ પરમપવિત્ર સ્થાનમાં ઇશુના લોહીથી પેસવાની આપણને નિર્ભયતાછે, માટે તેને આસરે આપણે દેવને સ્તુતિરૂપ યજ્ઞ, એટલે તેના નામને માન્ય કરનારા હોઠોના ફળનું અર્પણ, નિત્ય કરિયે. હેબ્રુ ૧૦; ૧૯, ૧૩. ૧૫.

આ ન્હાના પુસ્તકમાં ૪૬ ગીત છે તેઓમાં ૩૧ ગીત રોમન-ઉર્દુ "સીતાઇશની કીતાબ"માંથી તરજુમો કરેલાં છે. ૧૩ મું તથા ૩૨ મું ગીત એ ઇંગ્રેજી ગીતનો તરજુમો છે. ૩૩ મા ગીતથી ૪૬ મા ગીત સુધીનાં એક ગીત સિવાય ૧૩ ગીત, ટેલર સાહેબ, કલાર્કસન સાહેબ તથા ગ્લાસગો સાહેબ જે સંતોના આત્મા હાલ ખ્રીસ્તની સાથે આરામ પામે છે તેઓનાં બનાવેલાં "કાવ્યાર્પણ" માંથી લીધેલાં છે. ૧૭ તથા ૩૮ મા ગીતમાં પણ કાવ્યાર્પણના ૨૪૬ તથા ૨૧૦ મું ગીતની કંઇ કંઇ મદદ છે. આ પ્રયત્ન પ્રભુના મહિમાને અર્થે છે અને એમાં બીજી કોઇ મતલબ નથી.

પ્રભુ પોતાનો મહિમા સદા કરો અને દેવનો મહિમા કરવાનો આ વખત આપણે વાસ્તે મહા કિમતીવાન છે માટે આપણે આ અવસરને નકામો ન કહાડીએ. સદાકાળ સુધી તેનો મહિમા હોજો. આમીન.

સ. દે. દે.

# સ્તુતિનાં ગીત.

**ગીત ૧ લું.** **૮, ૭.**

૧ આબા બાપ તુજ પાસે આવી ખ્રીસ્તનું નામજ સ્તવિયે, ૧ લું
ભેગાં છિયે બાળક તારાં ઇશુને વચ્ચે જોઇયે;
માફી તેના લોહીથી છે તેથી છિયે અમે પ્રીય,
તારા આત્માએ શિખવ્યું છે મીઠું નામ આબાનું નિત્ય.

૨ પેલાં ભટકેલાં હતાં અમો, મુર્ખાઇએ ઘરથી દુર,
કૃપાએ તેં તાર્યાં અમને, તો યાદ નહિ એક કસુર,
પોષાક તેં પહેરાવ્યો છે સાફ, ખોરાક આપ્યો પોતા સાથ;
તું ખુશ, અમે છિયે ખુશી, થઇ ધન્ય તારે હાથ.

૩ પોતાના ઘરમાં લાવીને, ભેટે છે પુરા પ્યારથી,
અમ નાલાયકોને વાસ્તે તો, પઠો મરાયો જાનથી;
'લાયક છે' હે બાપ તું કે છે, 'ખુશી કરિયે સુપેર
મુઆ હતા તે જીવતા છે, ખોએલા આવ્યા છે ઘેર.

૪ આબા બાપ કામ જે તું કરે જોઈ દુતો પવિત્ર
પુરા દીલથી શીખે તારૂં અદભૂત જ્ઞાન વિવિધ;
જલ્દી તારી ગાદી પાસે, ભેગાં થશે તારાં બાળ
પ્રગટશે પ્યાર ઇશુ તણો, વળી આબા તણું વાહ્લ.

## ગીત ૨ જું. ૮, ૬. ૨ જું

૧ પ્રેમી પ્રભુ ઇશુ તું છે આકાશે બીરાજમાન
તું મુઓ પણ જીવતો થયો, મરણ ઉપર જયવાન;
૨ જીવી તું ન મરશે ફરી, અમારો છે વકીલ
સર્વ તારાં ગયાં છે દુઃખ, હતાં જે પુર શ્રાપિત;
૨ મુરદાંમાંથી ઉઠયો છે તું, તોડયો છે મોતનો બંધ
તુજપર વિશ્વાસ જે કરે છે, થશે તે ફતેમંદ.
૪ હે ઇશુ તારા ગયા પર, જગતમાં છે અંધેર
ઇમાન થઇ ગયો છે કમ, શત્રુ તણું છે વેર;
૫ વાર ના લગાડીશ હે પ્રભુ, અમને બોલાવ તુજપાસ,
ત્યારે જય મરણને ગળશે, હે ઇશુ જલદી આવ.

## ગીત ૩ જું. ૭, ૬, ૧૧

૧ પ્રભુ ઇશુ ધન્યવંત, પ્રેમી તું છે જરૂર.
આવી તું જગત મોઝાર, થયો તેનો પુરતુર.
દેખવામાં આવે જે ચિજ, તારા થકીજ બની;
નવ રાખ્યું કશું પાછું, ફકીર સમાન થઇ.
૨ જે જે જગ્યા ગયો તું, અંધા દેખતા થયા,
માંદા સર્વ તુજ થકી, કલેશ દુઃખથી છુટયા;
આકાશી બોધ તેં આપ્યો, બેશી ગરીબની સાથ,
રંક જે આવ્યા તારી પાસ, ગયા ન ખાલી હાથ

૩ હમ નિચ લોકે એ આબરૂ, કીધી તારી ઘણી
અમોએ તને માર્યો ઠઠાથી તું તણી.
મુઓ તું વધસ્તંભે, હતું અમારૂં કામ.
સર્વે દુઃખ તેં ઉઠાવ્યું, કે થાય અમને આરામ.

૪ શબ રખાયું કબરમેં, સત્રુ પામ્યા આનંદ.
કબરમાંથી તું નિકળ્યો, મોત ઉપર ફતેમંદ;
પીતાનો તું છે વાલો, સ્તુતિ તારી કરિયે,
હતાં જે જોગ નારકવાસ, તુજથી ન્યાય ઠરિયે.

૫ તારા આવ્યાની આશા, અમને છે તો ઘણી,
બોલાવશે પાસે તારી, તું અમારો ધણી.
તારા વગર અમે તો, થઇયે છિયે દુઃખી
જલ્દી આવજે હે પ્રભુ, લે ધામ તારે સુખી.

## ગીત ૪ થું. ૭, ૬. ૧૬

૧ હે પ્રીય ઈશુ થયો તું, શત્રુ આધીન જે રાત
વર્ણન તારાં દુઃખોનું, કરશે કોણ હે તાત;
ફરમાવ્યું તેં તે સત્રે, યાદ કરો તુમ મુજને
ખુશીથી હે મસીહા, યાદ કરિયે તુજને.

૨ તારો હાલ તે વખતનો, પુરો ન જાણે કોઇ
પ્યાલો દુઃખનો તેં પીધો, દંગ અમે તે જોઈ;
મરણ સ્તંભે મરવા તું, ચડયો માનવ પાપે
છોડયો દેવે તે પલે, દબાયો ભાર શ્રાપે.

૩ યાદ કરિયે અંધારૂં, થયું હતું જે વાર,
આંધી આવી તારાપર, આવ્યો ભારે માર.
જાહેર થયો પ્રેમ ખરો, જેનું બ્યાન ન થાય
જે મોતે તો તું મર્યો, તેનું માપ ન કડાય.

૪ મોતને જીતી ઉઠયો તું, શેતાન પર ફતેમંદ,
મંડળીનો થયો છે શિર, દીધો અમને આનંદ,
મોકળાં છે દિલ અમારાં, બાપના છિયે કબુલ,
તારાં દુઃખો કરિયે યાદ, એમાં ન થશે ભુલ.

૫ મસીહા તું આવી જાય, લેવા અમને તુજ પાસ
ત્યાં સુધી અમ પરદેશી, જોઇયે તુજમાં મીરાસ;
મરણ તારૂં થાએ છે, હમેશાં અમને યાદ
કેવાં દુઃખની વાટે તેં, દીધાં છે કૃપાદાન.

## ગીત ૫ મું. ૮, ૭, ૪. ૧૭

૧ તખ્ત પર બેઠો તે જે મુઓ,
મરણ, શેતાન પર જયવાન
ધારેલું કામ પુરૂં જુઓ,
ખ્રીસ્તે ફરી લીધી જાન.
જો મહિમામાં,
કેવું તેને બાપથી માન.

૨ હરેક તેનાં કરે વખાણ,
પોકારે હરેક જબાન

લાયક છે કે પામે હલવાન,
સ્તુતિ, મહિમા, બળ ને માન
જો મહિમામાં
બેઠો છે માણસ બળવાન.

૩ શક નથી કે પાપ તણો ભાર
પ્રગટ કરે તે સલીબ;
જાહેર દેવનો ન્યાયજ અપાર
જુઓ તેનો પ્રેમ અજીબ,
જો મહિમામાં
તે જે થયો તો ગરીબ.

પ્રભુ કેરો જન્મ પવિત્ર
જેથી થયો આશીર્વાદ,
કોણ બોલે કંઈ વાત વિચીત્ર,
જોઈ પુન્રૂત્થાનનો નાદ,
જો મહિમામાં
થાય ઈશુનાં ભારે ગાન.

## ગીત ૬ ઠું. ૮. ૮. ૬ લીટી ૨૮

૧ 'થોડોજ વિલંબ' ને તે આવશે.
થશે તે તણી મુલાકાત,
બાપને ઘેર તે લઈ જશે,
ત્યારે થશે પુરી નજાત

મ્હો જોઇશું તેનું હમેશ.
સ્તવીશું તેને પુરાવેશ.

૨ ‘થોડાજ વિલંબ’ ને તે આવશે
ફુરસદ આ છે ઘણી મુલવાન.
રસ્તો આપણને બતાવશે,
દોરનાર ઇશુ તો છે બળવાન
આપણ જાગીએ જેવા તે
જેવા ચાહે છે ધણીને જે.

૩ ‘થોડાજ વિલંબ’ તે છે નજીક,
કેમ ન ઉઠાવીશું તે થંભ,
આપણ છીએ તેના રશીક,
આગળ દોડીએ ખુશ આનંદ
જ્યારે ઇશુ આવશે લેવા
ત્યારે થઇશું ખુશી કેવાં!

૪ ‘થોડાજ વિલંબ’ પ્રભુ તું આવ,
તારી કન્યા રેછે ઉદાસ
અમ પરદેશીને ઘેર લે જાવ,
કે સદા રહિયે તારી પાસ
દેખીએ તુજને મહિમાવાન.
અને થઇયે તારા સમાન.

### ગીત ૭ મું. ૮. ૭. ૪. ૨૦

૧ કરો ઇશુ તણાં તો ગાન,

દેવનો તે છે પુર આનંદ.
બેઠો છે કરી પુરૂં કામ,
જડાયો હતો જે ખંભ.
તે છે મોટો
કામ તેનાં અતિ ઉત્તમ.

૨ કોણથી વર્ણન તેનું તો થાય,
તેની પ્રીતિ છે બેહદ;
વિચાર જીભ તે બન્ને ગભરાય,
તેથી બચે પાપી જન;
હે મસીહા
તું મારો યાર સનાતન.

૩ મળ્યું તેને થંભનું મરણ.
કરો તેનું નામજ યાદ.
સ્તુતિ દેજો તેને હરજણ
ધન્ય છે ઈશુ બલવાન.
હાલીલુયા
તેથી થયાં અમ ખુશહાલ.

**ગીત ૮ મું. ૮. ૬.** ૨૨

૧ ઈશુ! વાલું છે તારૂં નામ,
સ્તોત્રોથી તો ભરપુર.
પ્રેમી છે તે કૃપાને કામ.
ને મદથી છે મધુર.

૨ હે ઈશુ જો તું ન આવત,
કોણ જાણત બાપનો હાલ.
હતી કોને નહિ તાકત,
પ્રગટવાને તે વ્હાલ.

૩ ઈશુ થયો તું દુઃખનો મર્દ,
દર્દ અનુભવી;
સંકટમાં છે તું હમદર્દ,
ભુલ થતાં મુરબ્બી.

૪ પાપની લીધી જગ્યા તેં તો,
જો પણ સાફ બેકસુર;
નિડર પોંચાડ્યાં અમને તો,
દેવની પવિત્ર હજુર.

૫ ધન્ય છે મસીહાનું નામ,
મોટું ને પવિત્ર;
મહીમાવાન તે સર્વે ગામ;
રાખજો તેના પર ચિત.

## ગીત ૯ મું. ૮, ૬, ૨૩

ધન્ય ધન્ય હોજો ખ્રીસ્તને,
જાગો જે ખંભે,
દેવનો મહિમા જાહેર થયો,
પ્રેમી તેને ચહેરે.

૨ પ્રેમ છે તારૂં તો નામ હે બાપ,
તેં દીધું છે તારણ;
પુત્ર એકાકિ તેં મોકલ્યો,
જીવન પામે હર જણ.

૩ અમથી ખ્રીસ્તમાં દેખાય છે બાપ
સલાહ થઈ જરૂર;
ફીકર સંધી નીકળી ગઈ,
આરામ ખ્રીસ્તમાં ભરપુર.

૪ તો ગાઇએ ખ્રીસ્તનાં વખાણ,
જાહેર કરિએ તે નામ;
ઇશુ પુરો છે મહિમાવાન,
થશે તેમ સદાકાળ.

## ગીત ૧૦ મું ૮. ૨૪

૧ પ્રભુ હમેશ તું છે લાયક,
સંધે થવાને સ્તુતિમાન;
દેવે તને આપ્યું નામ હક.
સર્વ નામોથી મહિમાવાન.

૨ તું મુઓ પણ જીવતો થયો,
બેઠો પીતાને જમણે હાથ;
ખરો મુક્તિદાતા ઠર્યો.
પાળે છે અમને પોતા સાથ,

૩ દિલ છે અમારાં સુસ્ત જરૂર,
તોપણ કરિયે તારાં વખાણ;
તારી કૃપા, પ્રીતિ ને નુર,
તેઓનું કોજન કરશે જાણ.

૪ પ્રભુ આવે છે મહિમામાં,
રહીશું તેની સાથ સદા;
વખાણ થશે તો ઈસાનાં,
જ્યારે જુદાં નહિ કદા.

## ગીત ૧૨ મું. ૧૨. ૨૫

૧ ખ્રીસ્તના પ્રેમનાં કરીશું વખાણ,
તેનાથી પ્રેમથી થશે કદિ ન જુદાણ;
જુલમ, તંગી, દુકાળ કે કોઇ તલવાર,
કરશે ન કદિ દેવનાં છોકરાંનો હાર,

૨ દેવની પ્રીતિ અતિ ઘણી છે ભારી,
ન મોત, ન દુત, જીવન ન અધિકારી,
ન ઉંડાઇ, ન ઉંચાઈ કે કો ચીજ
કરશે અલગ દેવથી જે તેના પ્રેમીજ.

૩ સુત એકાકી જણિત દેવનો વાલો જે.
અમો કાજે ખંભે જડાયો તો તે.
તો દેવ આપશે હરેક વસ્તુ ફાયદામંદ
હરેક દુષ્મનનું મ્હો વળી કરશે બંધ.

૪ દેવનો ઠરાવ પુરો થશે તો જરૂર,
કે ઇશુ જેવા અમે થઈશું પુરનુર,
પ્રથમ જણિત તે છે અમો ભાઇ જાણુ,
દેવના પ્રેમનાં અમો કરીશું વખાણુ.

## ગીત ૧૨ મું. ૮, ૬. ૨૭

૧ મસીહા તારા પર આવ્યો, ગુનાહ મરણનો ભાર,
દુઃખ તણો સેનાર તું થયો, વાસ્તે અમ ગુનેગાર.
મરણુ જેવારે તું પામ્યો, થઈ શેતાનની હાર.

૨ અમ પ્યાલામાં હતો ભરેલ, મરણુ, શરાપ, નિધાન;
ટીપું દરેક તે તેં પીધેલ, નિકળી જ્યારે તુજ જાન;
અમ કારણુ થયો ધિક્કારેલ, પ્રેમ પ્રગટયો બે બ્યાન.

૩ તરવાર દેવની ઉંચી થઈ, પડયો તું સીરપર માર;
તેથી દેવે દીધી સફાઈ, કે સાજા અમ લાચાર;
દેવે તને છોડયો સહી, કે થાય તું બચાવનાર.

૪ હતું દેવનું તોફાન ભરપુર, મોજા ભારે બુલંદ;
મરણુ સ્તંભે જડાયો તું નુર, કે થાય અમને આનંદ;
અજીબ તારાં દુઃખો હે સુર, કરવા અમને ખુરસંદ;

૫ ઇશુ તેં દીધી છે તુજ જાન, ફરી ઉઠયો જરૂર,
તુજ સાથ અમો ઉઠયા પ્રમાણુ, થયા ખુશી ભરપુર
જીવન કેરૂં મળ્યું છે દાન, દેવની પવિત્ર હજુર.

## ગીત ૧૩ મું. ૮, ૬. ૨૭

૧ હે ખ્રીસ્ત બોજ કેવો ઉંચક્યો, તેં તારા માથાપર;
અમારો દંડ તુજપર આવ્યો, નકી એ વાત જરૂર;
કતલ કાજે ભુંડે આણ્યો, ખોપરી જગ્યા ઉપર;

૨ મુલ્યવાન ખુન ત્યાં તારૂં વહ્યું, ગયાં અમારાં પાપ;
અમારૂં તો હતું ભર્યું, પ્યાલું થકી મોત શ્રાપ;
તેં પોતાને મોડે ધર્યું બધું, પીધું તેં આપ.

૩ કડો પ્યાલો, કડું તેમાં, પીવા કાજે મારે,
ટીપું રહ્યું એક ન એમાં, ખાલી હાથે તારે;
બાપનો પ્રેમ છે ભારે એમાં, જાહેર તારે પ્યારે.

૪ યહોવાનો ક્રોધ તો ઉઠયો, પડયો હે ખ્રીસ્તતુજપર.
તારા દેવે તને તજ્યો, દુઃખ આણ્યું તારે સર;
તારા રક્તનો ઝરો વહ્યો, કે ડાઘ ન રે મજઉર.

૫ તોફાન કેરો ભારે અવાજ, તુજપર જ્યારે પડયો
ત્યારે મારા પાપનો ઈલાજ, તારા દેવે કર્યો.
આકાર ચેરો બદલી ગયાજ, જેથી મેળ મને થયો.

૬ મારે કાજે ઈશુ મુઓ, તે મોતમાં હું ગણાયો
ઉઠયો તું, મારો બંધ તુટયો, મારામાં તું જણાયો,
બાપનો પ્રકાશી દિન ઉગ્યો, કૃપાથી હું અણાયો.

## ગીત ૧૪ મું. ૮, ૭. ૨૮

૧ દેવના હલવાન, તને જોઈ, અમો ભજીએ જરૂર,

તુજમાં પીતા જાહેર થયો, અમો પાસ જે હતા દુર,
સામર્થ, બુદ્ધિ છે જે તારાં, જાહેર થાયછે અપાર,
સર્વ ઉત્પતિ પ્રગટે છે, તું છે માલીક સર્વાધાર.

૨ દેવના દીકરા, બાપની ગોદમાં, રેતો હતો તું હમેશ,
પુરો મેળાપ પુરી ખુશી, કામમાં ફરક નહીં લેશ;
કેવી કૃપા, કેવી પ્રીતિ, છોડયો તેં બધો મહિમાય,
દેવના દીકરા તું ઉતરયો, કે જાન પોતાની દેવાય.

૩ દેવના હલવાન યાદ કરીએ, તું છેક થયો તો અજીબ.
જે દુનીયાં તેં બનાવી, તેમાં ફર્યો તું ગરીબ;
વાડી મધે તારો કલેશ, થયો હતો બે બયાન.
દેવના હલવાન શુદ્ધ અથાક, તારે કામે અમ હેરાન.

૪ યાદ કરીએ તેં દુઃખીતે, વધસ્તંભે દીધો પ્રાણ,
ભુંડાં હતાં કામ અમારાં, બદલો આપ્યો તેં પ્રમાણ;
સ્તુત કરી અમો માનિયે, પુરૂં થયું તારૂં કામ;
દેજો વખાણ મહીમા સામર્થ, દેવના હલવાનને હરકાળ.

## ગીત ૨૫ મું ૮, ૭. ૨૮

૧ દેવના હલ્લાવન તું હાલ બેઠો, બાપને તખ્ત બુલંદ.
મોતનો સ્વાદ તેં તો ચાખ્યો, ફરી ઉઠયો ફતેહમંદ
આસમાન વચ્ચે તારી આગળ, ઉંધી પડે મંડળી સહુ.
હર જીભ અને દિલ તો કે છે, 'લાયક હલવાન' છે તો બહુ.

૨ હે પ્રભુ મહિમામાંથી તું, અમને પાળે છે હરકાળ,

સંભાળ લેછે તું અમારી, દેછે વળી પુર આરામ.
વકીલાત કરે છે સદા, છે એ શુમાર તારો પ્યાર;
બાપના ઘરમાં ઉતમ જગ્યા, કરી છે તેં તો તૈયાર.

૩ દેવના હલવાન બોલ છે તારો, 'ફરી જલદી હું આવીશ',
'પ્રભુ તમે ઢીલ ન કરો,' જવાબ કન્યાનો જગદિશ.
પ્રભુ જ્યારે તુજ પાસ થઇયે, થશે સુખ અતિ જરૂર.
તુથી સદા અમને મળશે, આનંદ ખુશી તો ભરપુર.

૪ દેવના હલવાન મહિમામાં, જ્યારે ફરી તું આવશે
જેઓ નથી તને માનતા, તેમનો મોટો નાશ થશે;
હે ઇશુ તું જાહેર થશે, અમને લઇ પોતા સાથ;
હોજો મહિમા સ્તુતિ તને, જે છે બાપને જમણે હાથ.

## ધીત ૧૬ મું. ૮, ૭, ૪. ૪૧

૧ ઇશુ બાપનો પસંદ કીધેલ, જુઓ બાગમાં પડયો છે,
મરણ પર્યન્ત તે તો પીડેલ, ક્રોધ તે પર ભડકયો છે;
મારે કાજે, મારે કાજે, હે મસીહા થયું આ.

૨ શત્રુઓએ તને પકડયો, મશ્કરીમાં ઉડાવ્યો તો,
કોરડા મારી ફજેત કર્યો, ગુપ ચુપ તેં માર સહ્યો તો;
અમે દુષ્ટે, અમે દુષ્ટે, હે ઇશુ તે કર્યું તું.

૩ ફરી ખંભપર દુઃખો પામી, સહ્યું શરીરે પુરદર્દ,
ભારે સંકટ તું ઉઠાવી, થયો દુઃખ કેરો મર્દ;
મારે હાથે, મારે હાથે, વેદના તને દીધી બહુ.

૪ ત્રીજે દિન તું ફરી ઉઠયો, બેઠો બાપને જમણે હાથ,
વસીલે પવિત્રાત્માને, રે'છે પોતાનાંની સાથ.
મારે લીધે, મારે લીધે, તું આસમાનમાં જીવતો છે.

૫ હે મસીહા ધણી મારા, મારો બદલો તું છે પુર;
તારણ તારી કૃપાથી છે, મારો પ્યારો તું જરૂર;
મારા પ્રભુ, મારા પ્રભુ, તારો હું છું સદાકાળ.

## ગીત ૧૭ મુ. ૬, ૪. 44

૧ અહીં હું પરદેશી છું, સ્વદેશ આકાશ;
રાનનો રેવાસી છું, સ્વદેશ આકાશ.
જગતની દરમીયાન,
દુઃખ દિલગીરી બેચ્યામ
ઘરમારૂં છે આસમાન; સ્વદેશ આકાશ.

૨ અહીં છું વગર મકાન, સ્વદેશ આકાશ.
છોડીશ હું આ વેરાન, સ્વદેશ આકાશ.
અહીંનાં દુઃખ ને ડર
અલગ થશે જરૂર
જ્યારે જઈશ મુજ ઘર, સ્વદેશ આકાશ.

૩ ત્યાં મારા તારનાર પાસ, સ્વદેશ આકાશ.
આનંદે કરીશ વાસ, સ્વદેશ આકાશ.
ત્યાં છે પવિત્ર સહુ,
પોશાક ધોળા બહુ,
સુખી ખુશી સહુ, સ્વદેશ આકાશ.

૪ ખુશી કરીશું અમ, સ્વદેશ આકાશ.
ચાલો આગળ હરદમ, સ્વદેશ આકાશ.
પોંચીશું તો જરૂર
પાસે ઇશુ પુરનુર
ત્યારે સુખી ભરપુર, સ્વદેશ આકાશ.

## ગીત. ૧૮ મું. ૮, ૪, ૮, ૪, ૮, ૮, ૮, ૪. ૪૭

૧ ઇશું તું છે વાલો મારો, જો તેનો પ્રેમ.
ભાઇથી વિશેષ પ્યારછે તારો, જો તેનો પ્રેમ.
જગના દોસ્તો બદલી જાએ,
ભલું ભુંડું કહેવાએ
તુજથી અમને દુઃખ ન થાએ, જો તેનો પ્રેમ.

૨ ખરો આરામ તુજથી આવે, જો તેનો પ્રેમ.
આત્મિક દાનો અમ પાસ લાવે, જો તેનો પ્રેમ.
મરણમાંથી તેં બચાવ્યાં,
જંગલમાંથી તેં તો આણ્યાં,
બાપના ઘરમાં પોંચાડયાં, જો તેનો પ્રેમ.

૩ તારી દોસ્તી મને પસંદ, જો તેનો પ્રેમ.
તારા પ્રેમથી મને આનંદ, જો તેનો પ્રેમ.
પવિત્ર સત્ય છે તારી વાત,
મેળાપ અમારો તારી સાથ,
ડરાવી કોણ શકે હે ભ્રાત, જો તેનો પ્રેમ.

૪ માફી અમને તારે કામે, જો તેનો પ્રેમ.
જીત પામીશું તારે નામે, જો તેનો પ્રેમ.
પુરી આશીષ તું લાવે છે,
સહુ દુઃખોથી બચાવે છે,
મહિમાએ પોંચાડે છે, જો તેનો પ્રેમ.

## ગીત. ૧૯ મું. ૮, ૬. ૪૮

૧ વેતું લોહી મંદીરમાં રોજ, અગ્નિ બળતો હરકાળ;
ઉભો યાજક યહોવાનોજ, ફેસલ થયું ન કામ.
૨ આવ્યા તેઓ જે ગુનેહગાર, પણ ગયા બે આરામ;
હૃદયમાં ન પામ્યા કરાર, થયો ન દુર ઇલ્ઝામ.
૩ ઈશુ મસીહા આવ્યો છે, થયો જાતે કુરબાન,
દેવે ફરી ઉઠાડયો છે, ગયો છે, તે આસમાન
૪ દેવની ગાદી ઉપર બેઠેલ, પુરૂં થયું છે કામ;
સાથે તેની અમો ઉઠેલ, પામ્યા છિયે આરામ.
૫ તેના ખુનથી માફી મળી, હવે ન યાદ કસુર
બીક તમામ ગઇછે ટળી, દેવની શુદ્ધ હજુર.
૬ ધન છે પ્રભુ ઇશુનું નામ, કૃપાએ તે ભરપુર;
તેને સ્તવિશું સદા કાળ, ગીત ગાઇશું જરૂર.

## ગીત. ૨૦ મું. ૮, ૬. ૫૯

૧ એક નામ છે દિલ પસંદ મધુર, સર્વે નામોથી ઉત્તમ;

તે નામ છે સ્તુતિથી ભરપુર, સ્તવિયે તે હરદમ.

૨ અમે ખુનથી છિયે ખલાસ, ઘણો ઇશુનો પ્યાર;
તે ખુનથી પામ્યા ખરી આશ, જે તો આગળ બદકાર.

૩ ઇશુ તે નામ છે તારૂં નામ, વાહલું ને દિલ ચશ્મ;
તો મનથી કરીએ હરકાળ, વખાણુ તારાં અવશ્ય;

૪ જો પંથ થાએ ઘણો તો તંગ, ને કાંટાની તકલીફ;
તો પણ ચાલીએ ઇસાસંગ, દેવને ઘરે શરીફ;

ત્યારે ખંડેલાંની જમાત, ઇશુ સાથે ખુરસંદ;
ગાશે ગીત સદાકાળ, ને થાશે પુર આનંદ.

## ગીત. ૨૧ મું. ૮. ૧૬૩

૨ ખંભનું જ્યારે કરિયે ધ્યાન, મુઓ જ્યાં ધણી મહિમાવાન;
સંઘો નફો ગણાય નુકશાન, તુચ્છ વળી બધો અભિમાન.

૧ શકે ન, કે કરિયે ગરૂર, ઇશુના વધસ્તંભ સિવાય.
જગતી કિમતિ ચિજો જરૂર, કાજે તેને પુરી તજાય.

૩ તેના સિરપર કાંટાનો તાજ, હાથ, પગ, પસલી બહુ ઘાયલ;
આ કેવું દુઃખ, કેવો પ્યાર, આ પ્યારથી કેમ નહીં કાયલ?

૪ જો દે તને આખી જહાન, કમતી બદલો આ ગણીશું;
તો દિલ,ને જીંદગી તથા જાન, સર્વ તને સહાવીશું.

## ગીત. ૨૨ મું. ૮, ૬. ૧૭૦

૧ પુરો છે તે લોકનો આરામ, ગયા જે ઇશાપાસ,

તે ઉંઘ છે આધારે કલામ, ધન્ય તથા છે ખાસ.
૨ પરદેશ હતાં જે આ જહાન, ઉંઘેલ ઇશુમાં હાલ,
જોઇયે તેમને થકી ઈમાન, રહિયે ન, જેમ નિરાશ,
૩ પુન્રૂત્થાન છે મહિમાવાન, ધન્ય છે તે વખત;
પ્રભુ આવશે મોટો મેરબાન, લેવા પોતાના સંત.
૪ ફરી તે પર થશે નિગાહ, મુક્તિ જેણે દીધી;
સદા રહીશું એક જગ્યા, તેના સરખી થઇ.
૫ ઘોર પર આપણુ કરિયે ખ્યાલ, પુન્રૂત્થાન છે નજીક;
ત્યારે ઉઠીશું મહિમાવાન, ખ્રીસ્તની સાથે શરીક.

## ગીત ૨૩ મું. ૮, ૬. ૧૯૭

૧ પ્રભુ ઇશુ માલીક તો છે, સુલતાનોનો સુલતાન;
સકળ વસ્તનો તે ખાલીક છે, જાત તેની મહિમાવાન.
૨ 'ઇમાનુયલ' છે તેનું નામ, દેવ અમારી સાથે;
અજાયબ તેનાં સંધાં કામ, તારણ તેને હાથે.
૩ માનવને ઇનામ આપવાને, માનવ તે તો થયો;
સંકટને મોત સહેવાને, દુઃખોમાં તે મર્યો.
૪ સંતોનું તે ઘરેણું છે, મોતી કિમતી બહુ;
મંડળીનો જાતે ધણી છે, પ્રભુ જગનો સહુ.
૫ મારો બાગ તેનાથી તાજો, તે છે જીવનનું પાન;
સ્વર્ગનો છે તે દરવાજો, બારે તેની છે સાન.

## ગીત ૨૪ મું. ૮, ૬. ૧૦૦

હે મારા દેવ તેં કર્યો છે, જગતને ભારે પ્યાર;
એકાકિ જખ્શિત દીધો છે, કે બચે ગુનેહગાર.

૨ પ્રભુ ઇશુ આવ્યો હતો, કામ કર્યું છે તમામ;
ભારે બોજ઼ ઉઠાવ્યો હતો, કે થાય અમને આરામ.

૩ તે પર વિશ્વાસ જે લાવે છે, તે પામે છે નજાત;
દેવથી તે વળી પામે છે, હમેશાંની હયાત.

૪ જગત માંહે તે આવ્યો નુર, ઇશુ મસીહ જે નામ;
પણ લોકો તેથી રહ્યા દુર, કે ન પ્રગટે કામ.

૫ પણ જેણે ચાહી સતની વાત, તે આવ્યો ઇશા પાસ;
તેને મળી પુરી નજાત, ને સદ્દાની મીરાસ.

૬ તો સતને ગ્રહો ગુનેગાર, ને માનો તેનું નામ;
પાપનો તમે કરો ઇકિરાર, તો પામશો પુરે આરામ.

## ગીત ૨૫ મું. ૭. ૧૦૪

૧ દેવ બાપે દિકરો આપ્યો, પ્રાયસ્ચીત તે તો થયો;
ઇશુએ ઉઠાવ્યો ભાર, બચી રેછે ગુનેગાર.

ટેક:—તારા મુખથી હે મસી, કૃપા ચમકે છે સહી;
જાહેર થાય છે તો જરૂર, દેવ છે પ્રીતિ તથા નુર.

૨ મોત, શેતાનની થઈ હાર, કામ મસીહનું કેવું અપાર;
ઇશુ જાતે ખાઈ માર. બચાવે છે ગુનેહગાર.

ટેક:—તારા ઇત્યા,

૩ દેખો તેને આસમાન, તેનું મુખ છે મહિમાવાન;
દેવનો તે છે પુર આનંદ, સઘળાથી છે તે બુલંદ.
ટેક:—તારા ઇત્યા,

૪ હાલ ઇમાન જે લાવે છે, તેઓ તારણ પામે છે;
સંધા લો તેને માનશે, ને દિકરાને પીછાનશે;
ટેક:—તારા ઇત્યા,

૫ ઇશુ આવશે તે જરૂર, મોત, પાપ ત્યારે થશે દુર,
કરે હરેક જીભ ઇકરાર, હલવાન છે સૌનો સરદાર.
ટેક:—તારા ઇત્યા,

## ગીત ૨૬ મું. ૭. ૨૧૦

૧ હે યુગોના ચટાન, તું આસરો છે હરઝમાન;
પાણી ને ખુન વહ્યું જે, તુજ બાજુથી નિકળ્યું તે;
કરેછે મેલ પુરો સાફ, બક્ષે છે હર પાપની માફ.

૨ જેટલી મેનત મેં કરી, તેટલી નકામી ઠરી;
મારૂં રડવું તો અકાર, હું હેરાન ને લાચાર;
સાફ નહિ થયા ગુનાહ, મને છે તારી પનાહ.

૩ ખાલી હાથે હું આવ્યો, કશું પણ નથી લાવ્યો;
મને તેં આપી નજાત, તારાથી છે આબ હયાત;
તેં આપ્યોછેસાફ પોશાક, નિર્ભય હું થયો જે માફ;

૪ રહું જ્યાંલગ ભુતળવાસ, આવે જો મોત કેરો સ્વાસ;
તારા પર કરીશ નિગાહ, કે તું છે મારી પનાહ;

સ્વર્ગે જ્યારે હું ચડીશ, ત્યારે તુજ પાસે આવીશ.

## ગીત ૨૭ મું. ૮, ૬. ૨૧૬

૧ મસીહાએ મને કહ્યું. કષ્ટ, બોજથી લાદેલ આવ;
આવી મારી છાતી ઉપર, પુરો આરામ તું પામ;
ગયો હું થાકેલો લાચાર, મંદ, માંદો ને ઉદાસ;
મને મળ્યાં ખુશી, આરામ, મારા ઇશુની પાસ.

૨ મસીહ મને કહેતો હતો, જો તું તૃષા લે દાન;
જીવન કેરૂં પાણી તું લે, ખુશ હાલ થા કરી પાન;
જઇ તેની પાસે પીધું, હરરોજ હું પીઉં છું;
જેથી થયો હું તાજો દમ, ને તેથી જીવું છું

૩ મસીહ મને કેતો હતો, હું છું જગતનું નુર;
મને જોઇ રોશન તું થા, ચાલ અજવાળે ભરપુર:
થયો હું દેખતો હે મસીહ, જ્યારે તું થયો નુર;
મુસાફરીની આખર સુધી, તું છે મજ પાસ જરૂર.

## ગીત ૨૮ મું. ૮, ૭. ૨૧૮

૧ લાખોમાં એક પ્રેમી મજને, એકજ મારો પ્રેમી છે.
તેણે લીધું મારા મનને, પ્રેમના બળથી લીધું છે.

૨ પાપ કીચડમાં હું હતો ધસ્યો, અધર્મી અને મલીન;
દુષ્ટની જાળમાં હતો ફસ્યો, નિરાશ, ભુંડાને આધીન.

૩ મારો વાલો ઈશુ આવ્યો, સોધવા ને બચાવવા તો;

મને મળ્યો ને બચાવ્યો, તેની સ્તુતિ સદા હો.
૪ વ્હાલા પ્રભુ મન તેં લીધું, તો સંધું કંઈ તારૂં છે;
મારૂં સંધું તને દીધું, હવે તું પ્રીય મારો છે.

**ગીત ૬૯ મું. ૮, ૪, ૮, ૪, ૮, ૮, ૮, ૪.** **૨૨૦**

૧ ઇશુ આપ જગતમાં આવ્યો, ઇશુ વ્હાલો.
તારણ કેરી આશીશ લાવ્યો, ઇશુ વ્હાલો.
અમે તેનું ખુન વેવડાવ્યું,
બાપે કડું તેને પાયું,
તેણે રંજને દુઃખ ઉઠાવ્યું, ઇશુ વ્હાલો.
૨ બેહદ છે તેની કરામત, આવ તેની પાસ,
તેની પાસે છે સલામત, આવ તેની પાસ,
પાપીને તે બોલાવે છે,
મોત, પાપથી તે બચાવે છે,
જીવન પાણી પીવાડે છે, આવ તેની પાસ.
૩ તેનું નામ જે નથી માનતા, લાખ લાખ અફસોસ.
અસલ આશીશ નથી જાણતા, લાખ લાખ અફસોસ.
તેમનાં કામ પુરાં બે અકલ,
થશે તેમનો અંત હલાકત,
તો તરવાને કોની તાકાત, લાખ લાખ અફસોસ.
૪ પુરૂં તારણ આજ તૈયાર છે, હાલ લો તારણ.
માત્ર આ તો પાએદાર છે, હાલ લો તારણ.

જગત આ વીતી જાએ છે,
ઇશુ પાસે જે આવે છે,
સદા સુખ આરામ પામે છે, હાલ લે તારણ.

## ગીત ૩૦ મું. ૭, ૬, ૨૧૧

૧ સતાવણી રાહમાં આવે, દુઃખ થાય ચારે કોર;
આંધી ચાલે બહુ જોરથી, ને તું થાય કમજોર;
શેતાન ફેરું ફાવી જાય, ને ઘણો તારો ભાર;
જો ભાઇ લોક થાય વિરૂદ્ધ, ને દુઃખ પમાડે યાર;

૨ જો ભૂલ ભરેલું સમજાય, તારૂં કરેલું કામ;
જો મેણાં મારે તને, ને તારૂં થાય બદનામ
દેવ તારી પાસેથી લે, જે ચિજ તને પસંદ;
પાસે તેને બોલાવે, જેમાં તને આનંદ;

૩ તો પણ રસ્તે હમેશાં, ઈશુ પર રાખ નિગાહ;
હર દુઃખ ને હર તકલીફમાં, તારી તે છે પનાહ;
હરેક દુઃખ તેણે સહ્યું, હરદુઃખમાં તે સહદર્દ;
પંથે આ તે તો ગયો, દુઃખનો જે તો મર્દ,

૪ બાપની ભારે પ્રીતિ જે, ભૂલીશ તે ન કદા;
એકાકિ જણિત દીધો, કે થાય તું ખુશ સદા;
તો તે તણી પ્રીતિ આ, થશે કદિ ન કમ;
પંથથી તે પોંચાડે છે, જો કે રસ્તે છે ગમ.

૫ જ્યારે સ્વર્ગે તું તો જાય, પહોંચે બાપને ઘેર;
જાહેર થશે તને ભેદ, ખુશ થશે સારી પેર;
તે કાળ ચેરા પ્રીતિનો, દેશે તને પુરસુખ;
વળી જાણશે શી જરૂર, થાય તને આ દુઃખ.

૬ ત્યારે સ્તુતિ કરીશ ખુબ, ફીકર તો જશે દુર,
ઇશુના દુખમાં સામેલ, થા તું નક્કી જરૂર;
વિશ્વાસમાં રેહ કાયમ તું, ઇશુનાં કર વખાણ;
રસ્તે દુઃખતો ઘણું થાય, તો પણ નજીકછે ત્રાણ.

## ગીત ૬૧ મું.

૧ શું તારૂં દેખીશું, પ્રકાશીત છે જે મુખ,
અવાજ આકાશી સાંભળીશું, જેણે દીધું છે સુખ?

૨ પોષાક મળશે સફેદ, જોઈશું આકાશી નુર,
ત્યારે પુરી થશે ઉમેદ, સદા તુજ સાથ જરૂર.

૩ પીતાને ત્યાં સદા, મળશે સંગત ભરપુર,
દુર ન થઈશું તુથી કદા, જોઈ જલાલી નુર.

૪ પ્યારનો એ સાફ સાર, કે થયો તું કુરબાન,
સદા ખોલી મનનાં દ્વાર, કરિયે તેનું ધ્યાન.

૫ કરિયે અમે પ્યાર, જો કે તે છે કમ,
તારો ખંભ કરાવે છે યાદ, કે તું છે પાસ હરદમ.

૬ જોઇએ તારી રાહ, તું અમમાં છે મુકીમ,
કે પુરો થાએ તુજ પ્યાર, જોઇ તેને અજીબ,

૭ ક્યારે તું તો આવશે, દેવા પુરી પેછાન?
સુરત તારી અમને મળશે, એ હેત છે બે ધ્યાન.

**ગીત ૩૨ મું. ૧૧, ૧૦, ૧૦, ૬, ૬, ૬, ૧૦, ૬,**

૧. ઇશુ મારો ત્રાતા બેથલેહેમ આવ્યો,
શાળામાં દુઃખ, દલગીરીથી જાયો,
અરે કેવું અદભુત—ધન તે થાઓ,
સોધવા મને ! મને !
સોધવા મને ! મો !
સોધવા મને ! મને !
અરે કેવું અદભુત—ધન તે થાઓ,
સોધવા મને ! મને ;

૨. ગેથસેમનીના ઝાડ પર ઇશુ તારનારે
પ્રાણુ પોતાનો દીધો લીધે મારે,
અરે કેવું અદભુત—શું મજકાજે?
મુઓ શું મજ કાજે !
મારે મારે માટે !
અરે કેવું અદભુત—મારે માટે !
મારે મારે માટે !

૩. મારા ઈશુ કેરો પ્યાર અવિકારી
વાડેથી હું જ્યારે ભટકયો જારી
જાહેર થયો મને અતિશય ભારી,

તેડયો મને આપ પાસ,
પોતા પાસે પાસે,
ખેંચ્યો પોતા પોતા પાસે,
પોતા પોતા પાસે.

૪. ઇશુ મારો ત્રાતા ઉંચેથી આવશે,
થાકનાં ઘણાં વરસ વિતી જાશે,
જલ્દી મારી આંખ્યો તેને દેખશે,
આવશે મારે કાજે
આવશે મારે કાજે.
રે હું જલ્દી હર્ષે તેને જોઇશ,
આવશે મારે કાજે.

**દોહા.** **ગીત નું. ૩૩**

૧ ઇસૂ એવું થઇ શકે, શું કંઇ એવું થાય,
કે મૃતજન તારા વિષે, કો દિન પણ શરમાય ?
થાય ન એવું તો કરી, જો જેને નર નામ,
તે તે બહુ ધિક્કારશે, એ અણઘટતું કામ.

૨ ઇસૂથી લજવાય શું ! જ્યોતિ તણો જે નાથ,
જેણે અજવાળું કરી, બદલાવી મજ રાત.
અંધારૂં મજ જાતનું, પોતે કીધું દૂર
પાડયું પણ મજ નેણપર, અજવાળું જ જરૂર.

૩ ઇસૂથી લજવાય શું ! જેનો ઉંચો વાસ.
જે તો મજને દૂરથી, લાવ્યો છે નિજપાસ,

આપ્યો છે નિજ રાજમાં, રેવાનો પણ ઠામ,
જેમાં જાણું નિત્ય હું, પ્રેમ તણું શુભ કામ.

૪ ઇસુથી લજવાય શું ! જીવનનું સુખ ધામ;
જેમાં જીવીને વધી, શુદ્ધ કરૂં સહુ કામ,
પ્રેમ તણાં ને સત્યનાં, સર્વે કામો થાય,
જ્યાં લગ વાટજ ખ્રીસ્તની, ધીરજથી જોવાય;

૫ ઇશુથી લજવાય શું ! તે તો વાહાલો મિત્ર.
જેથી આશા સ્વર્ગની નિત્યધરાય વિચિત્ર.
પણ જો થાશે લાજતો એ કાજે તે થાય,
કે મેં તેના નામનું, અધિક ન માન કરાય.

**વિક્રાંત.** ગીત ૩૪ મું.

૧ ઘેર વળો, રે, ઘેર વળો, સહુ જે ભટકેલા
ઘેર વળો, તમ જે જગમાં, ખાધા દુ:ખ ઠેલા. ટેક.

૨ કાં ઘર મુકીતો હવડાં તમ દૂર ફરોછો ?
દોષતણું જ્યમ દુ:ખ વધે ત્યમ કાંજ કરોછો ? ઘેર૦

૨ ઇસુતો બોલાવા કરે, બહુ પ્રેમ કરીને;
મોત સહ્યું નિજપ્રેમ થકી વધસ્તંભ ધરીને. ઘેર૦

૩ આત્માનો ઘાંટો પણ છે, સામર્થ્યે ભરેલો;
પ્રેમ થકી તે બોધ કરે, હવડાં પરવેલો; ઘેર૦

૪ કન્યા તે પણ આવ કહી, બહુ આશ જગાવે;
ચાનાનો દેખાવ કરી તુજ ભાવ મનાવે. ઘેર૦

૫ જ્ઞાન કહે, તમ સર્વ જાણો, તજજો મન ઘેલું;
વાર વિલંબ કરે મરશો, લ્યો સત્ય કંએલું ઘેર૦
૬ મોત થયે નહિ માફ પછી ન પછી ફરવાનું;
આ જગના દિન અલ્પઘણા, એમાં તરવાનું. ઘેર૦

## ચરણા ફુલ. ગીત ૩૫ મું.

૧ શી ઉપમા ઇસૂ પર કહીએ ? શાં દૃષ્ટાંતો તેનાં દઇએ ?
કોજન તેના સદ્દગુણ જાણે ? પૂરો તેને કોણ વખાણે ?
જાણો, ઇસૂ સૂર્ય પ્રકાશી, તે બહુ તેજ કરે આકાશી,
પાતક અંધ બધું તે ફાડે, પાતક થંડક સર્વ મટાડે.

૨ ઇસૂ અન્ન વળી આકાશી, ખાધે જીવન છે અવિનાશી;
જીવન દાયક અન્નજ ખાઉં, દુઃખ મરણથી છુટો થાઉં.
ઇસૂ જીવઝરણ છે જાણી, નહિ ખૂટે તે પીઉં પાણી;
પીધે તરશ કદી નહી લાગે, અવર કદી આત્મા નહિ માગે

૩ ઇસૂ દ્રાક્ષાવેલો જાણું, વિશ્વાસી સહુ ડાળી માનું;
તેથી રસ ફળ ફ્લો આવે, સહુ બળ, શોભા તેજ કરાવે.
ઇસૂ યજ્ઞ થયો જગ માટે, પ્રાણ તજ્યો અપરાધી સાટે;
તે પર ભાવ ધરી મન રાખું, દોષ નિવારણના ગુણ તાકું.

૪ ઇસૂ અચળ શિળાના જેવો, તેપર ઘરનો પાયો દેવો;
દૃઢ વિશ્વાસ ધરી તે નાખું, દૃઢ રેવાની આશા રાખું.
એ ઉપરાંત ઘણી ઉપમા છે, કોણજ લેખું પૂરૂં વાંચે ?
સહુ ભૂમંડળ જોતાં થઇએ, તો પણ સર્વ અધુરા રહીએ.

**હર્ષધ્વજા.** **ગીત ૩૬ મું.**

રે પ્રીતિ વખાણુજો, પ્રીતિ વખાણુજો,
પ્રીતિ વખાણુજો, પ્રીતિ ઘણી. ટેક.

૧ છે શુદ્ધનો, મુક્તનો હર્ષખરો, તે રક્તના તીર્થમાં તમો તરો,
સહુ મેલને મુકતાં માર તજો, ને મુક્તિના હર્ષમાં ખ્રીસ્ત ભજો.
રે પ્રીતિ.

૨ ઇસૂ થકી ત્રાણ છે પૂર્ણ સદા ન ત્યાગશે દીનને ખ્રીસ્ત કદા;
તો હર્ખતાં ખ્રીસ્તમાં આશ ધરો, ને દોષના ધાક તે દૂર કરો.
રે પ્રીતિ.

૩ રે પાપના ધા થયા સર્વ સ્થળે, પણ ખ્રીસ્તથી સર્વની રૂઝ વળે,
સહુ શોક સાટે ખરી શાંતિ મળે, ને હર્ખને કારણે આંસુ ટળે.
રે પ્રીતિ.

૪ રે ખ્રીસ્તના થંભથી ત્રાણ થયું, ત્રાતાતણા મોતથી મોત ગયું,
તો મોત આવે મને બીક નથી, તે દ્વારથી આવશે મુક્તિ ગતી
રે પ્રીતિ.

## ગીત ૩૭ મું. ૮, ૬.

૧ હે મારા તાંરનાર, તારો પ્રેમ, છે પુરો છે અમર;
તેં પ્રેમ અપાર, અનંત અવસ્થ, દેખાડયો મારા પર.
શરમનો પણ જે મર્ણસ્તંભ, તેં રાજીથી સહ્યો.
તે જાણીને મારો આત્મા, પ્રેમે ભરપુર થયો.

૨ પરાત્પર દેવના રૂપમાં તું, આકાશમાં પેરતો તાજ,

ને તારા બળથી સૃષ્ટિનું, તું સહુ ચલાવતો કાજ,
પણ આકાશ મૂકી પૃથ્વીપર, તેં માણસરૂપ ધર્યું,
ને માણસ જાતનાં દુ:ખ સહી, મોટું રક્ષણ કર્યું.

૩ બધી વાતોમાં માણસ થઈ, તેં લીધો પાપનો શ્રાપ,
ખંભે જડાયો તું પ્રેમી, સહ્યાં અમારાં પાપ,
મરણથી મોતને જીત્યું છે, દીધું અમને જીવદાન
ત્રીજે દિવસ પાછો ઉઠયો, કરિયે તારાં વખાણ.

## ગીત ૩૮ મું. ૮, ૬.

૧ એક ઝરામાં ભરેલું રક્ત, તે ખ્રીસ્તથી વહ્યું છે;
જે પાપી નાહ્યો છે તે વખ્ત, તે ધોળો થયો છે.

૨ મરતો ચોર એને જોઇને, થયો ત્રાતાનો મિત્ર;
ને એમાં હું પણ ધોઇને, કરાયો છું પવિત્ર.

૩ હે પ્રીય ત્રાતા તારૂં રક્ત, ન ખોશે શક્તિને.
જ્યાં સુધી બધા ખરા ભક્ત, પ્રાપ્ત કરે મુક્તિને.

૪ વિશ્વાસે હું જોઉંછું ધાર, જે તારા દીલથી વહી,
એ માટે તારી પ્રીત અપાર, મને આનંદક થઈ.

૫ જ્યારે આ બોબડી જબાન, કબરમાં છાની થાય,
આકાશમાં કરીશ મીઠાં ગાન, ને નમીશ તારે પાય.

૬ ત્રાતા, હું નથી પુણ્યવાન, પણ મારો છે વિશ્વાસ.
કે તેંજ દીધું છે કૃપાદાન, ને પછી દેશ ઉલ્લાસ.

૭ વળી કાયમ રેશે હરસાલ, તારી પ્રીતિનું કામ.

ને બાપની કને સદાકાળ, હું કહીશ તારૂંજ નામ.

## ગીત ૩૯ મું. ૭, ૬.

ઇસૂને હાથ સલામત, તેના રાંક ઉરે શાંત;
ત્યાં તેના પ્રેમની છાંયે, હું પામું મિષ્ટ નિરાંત. ટેક.

૧ રે દૂતોનો સૂર તો એ, ગાનમાં પાસે આવેલ;
મહિમાનાં ક્ષેત્રોથી, ને સાગર જે ચમકેલ.

૨ ઇસૂને હાથ સલામત, નાશક ચિંતાથી દૂર;
જગ પરિક્ષણથી છુટો, પાપ ત્યાં નહિ જરૂર.

૩ જીવ ભેદક શોકથી છુટો, શક, ભય, ત્યાં ન લગાર;
માત્ર પરિક્ષા થોડી, આંસુ થોડાં વેનાર.

૪ ઇસૂ મજજીવનો આસરો, મુઓ મારે લીધે,
તે યુગોના ખડક પર, નિર્ભય પાયો દીધે.

૫ ત્યાં ધીરજથી હું રહું, જ્યાં લગ રાત વિતી જાય;
ને સોનેરી કીનારે, પોહો ફાટેલો જોવાય.

૬ પ્રભાતનો તારો આવશે, તે લેશે મજને પાસ,
શરીર મારૂં બદલશે, પૂરી કરશે મજ આસ.

## ગીત ૪૦ મું. ૧૦.

૧ જુઓ આકાશમાં વાણી થાય છે, ખબર કરનારા દૂતો ગાય છે;
પરમ ઉંચામાં દેવને હોજો માન જગતના સંતો ગાજો સલાહનાં ગાન

૨ પૃથ્વીમાં સલા, દીનોને દયા, દુષ્ટે કરૂણા પામનારા થયા

માનવા તો માંડો સહુ લોકો તમો, માણુસ બધાંએ, અંતરમાં નમો.

૩ જયરાગે ગીતો આકાશમાં ગાઓ, તેજસ્વી ફીરસ્તોજોગીત ગાતી જાઓ.
સલ્લાનો રાજા આકાશથી આવ્યો, સલ્લાનો ઉપાય સાથે તે લાવ્યો.

૪ જયનાદી ગીતો આનંદે ગાઓ, જયકાર કરીને સહુ ગાતાં આવો;
સૃષ્ટિનો રાજા રાજ મૂકી દેછે, જીવનનો દાતા મૃતાંગને લેછે.

૫ પાપીનો તારનાર પોતે મરે છે, પાપોનો હરનાર પોતે હારે છે;
પોત હારી ગયો પાપને હરાવવા, પોત મરી ગયો લોકને તરાવવા.

૬ મરીને ઉઠયો મોતને દબાવી, બંધનથી છુટયો લોકને છોડાવી;
દીન થઇને યુદ્ધે તે લડયો, દુઃખો સહીને આસને ચડયો.

૭ મોતને જે નમ્યો ઉંચો થયો છે, માર જેણે સહ્યો મોતને દમ્યો છે;
એવો તે આપે માણસને તારણ, એવું તે સ્થાપે પાપનું નિવારણ.

## ગીત ૪૧ મું. ૭, ૭, ૬.

૧ ત્યાં તો શોક દુઃખ થાય છે,
મીત્રો આવી જાય છે,
આકાશમાં એમ ન થાય.
કેવો થશે આનંદ, આનંદ, આનંદ;
કેવો થશે આનંદ, જ્યારે આવી કોઇ ન જાય. ટેક.

૨ જેઓ કરે ખ્રીસ્તનું હેત,
તેઓ તેના લોક સમેત,
આકાશનાં ગીતો ગાય, કેવો થશે આનંદ.

૩ ત્યાં તો બાળકો મળે,
ઇશ્વર પ્રાર્થના કરતા જે,
ઘણી નિશાળો માંય, કેવો થશે આનંદ.

૪ ધર્મી માતા પિતાજી,
ને વિશ્વાસી મેતાજી,
તેઓ પણ હાજર થાય; કેવો થશે આનંદ.

૫ કેવા સુખી હોઇશું,
આપણે તારનાર જોઇશું,
તે વૈભવે દેખાય, કેવો થશે આનંદ.

૬ સ્તુતિ કરવા જઇશું,
સદા સુખી થઇશું,
પ્રભુની સેવા માંય, કેવો થશે આનંદ.

## ગીત ૪૨ મું. ૭, ૭, ૬.

૧ ઇશ્વરે લ્યાં આણ્યાં છે,
દુન્યાંમાંથી કાઢયાં છે,
દુષ્ટથી જુદાં કર્યાં,
અરે આપણને ધન છે, ધન છે, ધન છે, ધન છે;
અરે આપણને ધન છે, ઇશ્વરે લ્યાં આણ્યાં છે. ટેક.

૨ જગતનો કંકાશ ને ક્લેશ,
અદેખાઈ અને દ્વેષ,
સહુ નિવારણ થયું, અરે.

૩ ચોરી ખુન કુકર્મ મટયું,
ખોટું ભાષણ પણ ગયું,
સદાચાર શીખાયો, અરે.

૪ જ્યાં મૂર્ત્તિઓની પૂજા,
દેવ દેવીઓની સેવા,
પાપ ન મળે તેવાં. અરે.

૫ ત્યાંતો સ્તુતિ નિત થાય,
પ્રભુનું પણ નામ મનાય,
રવિવાર પળાય. અરે.

૬ સુખ શાંતિ કુશળતાએ,
હર્ષાનંદ તથા પ્રેમે.
એ સુખમાં જીવિયે, અરે.

૭ માબાપ, ભાઇ બેહેન સંધાં,
મિત્રને સગાં વાલાં,
એ મેલાપ છે હિયાં. અરે.

૮ જો તારનારને ઓળખિયે,
તેની આશા રાખિયે,
તો આકાશે જઇયે અરે.

૯ સ્વર્ગમાં નથી પાપને દુઃખ,
ત્યાં સદા આનંદ ને સુખ,
સહુ આંસુ જતાં રહે. અરે.

## ગીત ૪૩ મું. ૬, ૪, ૬, ૪, ૬, ૬, ૬, ૪.

૧ એક છે આનંદી દેશ, તે નિરાળું;
રાત વિના ત્યાં હમેશ, છે અજવાળું;
કેવાં મિઠાં ગીત ગાય,
તારનારની સ્તુતિ થાય,
તેનાં વખાણ સંભળાય, તે દયાળુ.

૨ આવો સુખને દેશે, ચાલો આવો;
કોણ ભ્રાંત મધ્યે રેશે ? ઇમાન લાવો;
આપણે સુખ ભોગવીશું,
પાપ દુઃખને છોડીશું,
ખ્રીસ્ત સાથે રહીશું. ગીત ગીત ગાઓ.

૩ તે દેશમાં નથી પાપ, તેમાં હર્ખ નિત,
તેમાં છે આપણો બાપ, ને પ્રેમ અમૃત;
ચાલો અહીં ફરો,
તાજ રાજ મહિમા ધરો,
અને સદા કરો સંપૂર્ણ પ્રીત.

## ગીત ૪૪ મું.

**વિક્રાંત.** ત્રિપાસ. –૨–૨–૨ʼ–૨–˘˘––

૧ પ્રેમ ફરે નહિ ઇસુનો, નહિ તે કરમાશે. ટેક
જો પણ ફુલતણી શોભા બહુ આજ જણાશે,
તો પણ જોતામાં, કાલે કરમી સહુ જાશે,

થોડી વાર પછી, જૂઓ, તેનો ક્ષય થાશે.
પણ પ્રેમ૦

૨ જોબન કાળ ઘણો દીપે, તાજા બળ સાથે,
સર્વ પ્રસંગે હર્ખ કરે, નહિ લે દુઃખ માથે;
થોડા વર્ષ પછી બદલે, ગોથાં બહુ ખાતે;
પણ પ્રેમ૦

૩ રાત્રિ વિષે તો ચંદ્રતણી શોભા બહુ ભાસે,
પુનેમ સુધી તો વધતાં, શુભ જ્યોતિ પ્રકાશે;
તો પણ તાંથી નિત્ય ઘટી તેનો ક્ષય થાશે;
પણ પ્રેમ૦

૪ દીપે સૂર્ય ઘણો ઉગતાં, ચળકે શુભ કાંતિ;
મધ્ય લગી જાશે ચડતો; નમશે ગતિ તાંથી;
તેનો વૈભવ લોપ થશે, તો અસ્ત થતાંથી;
પણ પ્રેમ૦

૫ મોટા સિંધુતણી ભરતી, તે કેમ ભરે છે!
ચાલી તે ધમકાર થકી, બહુ જોર કરે છે?
તોય પછી, તાં ઓટ થતે, જળ પાછું ફરે છે;
પણ પ્રેમ૦

૬ સાંજે તો અતિ નમ્ર હવા મીઠી બહુ વાએ,
જીવ, જનાવર, માનવને તેથી સુખ થાએ;
તોય વિકાર થયે તેમાં તોફાન જણાએ;
પણ પ્રેમ૦

૭ મિત્રોની અતિ પ્રિતિ ખરી; હોશે બહુ વાલા,
તોય કદાચ અદૃષ્ટ થશે, દીસે મન ઠાલાં;
સ્નેહ તજી, રાખી શીખે મોડાં વિકરાળાં;
પણ પ્રેમ૦

૮ સૃષ્ટિ વિકારે, ફુલ ખરે, ને જોબન જાશે,
ચંદ્ર ઘટે, શુભ સૂર્ય નમે, ને સિંધુ ફરાશે,
મીઠા વાની આંધી થશે, મિત્રો બદલાશે.
પણ પ્રેમ૦

**ગીત ૪૫ મું. ૬, ૬, ૮, ૬ સ્વરો.**

૧ યહોવા રખેવાળ,
ને મારો મદદગાર,
આવે દુકાળ કે ખોટા હાલ,
તો મારો તે આધાર.

૨ જો ધરતી કાંપી જાય,
ને પહાડો બહુ ધ્રુજે,
ને પડી જાય સમુદ્રમાંય,
તો કુશળતા સૂઝે.

૩ હ, તેના મોજાથી
જો મોટા ઘાંટા થાય,
ને ધ્રુજ્યાથી, ને સૂજ્યાથી
પર્વતો હાલી જાય.

૪ પણ જીવતી નદીમાંય
નાહે છે તેના ભક્ત;
ને સમુદાય બહુ તાજો થાય,
અને હર્ખાય હરવક્ત.

૫ ને નદને કાંઠે શહેર,
ને ખરૂં શુદ્ધ સ્થાન;
ન લાગે વેર; પ્રભુની મહેર
પમાડે કૃપાદાન.

## ગીત ૪૬ મું. ૮.

સ્તુતિ સામર્થ્ય, મહિમા બધા,
દેજો ઇસૂ ખ્રીસ્તને સદા;
આપણો એકલો તે તારનારો,
હાલિલૂયા, સ્તુતિ કરો.

# બાયબલ.

"હે યહોવાહ, તારૂં વચન આકાશમાં સદા સ્થાપિત છે."
ગીત ૧૧૯; ૮૯.

---

દેવના મન, માણુસની હાલત, તારણના રસ્તા પાપીઓના અંત, અને વિશ્વાસીઓના સુખ વિશેની વાતો આ પુસ્તકમાં સમાએલી છે. તેમાંનો ઉપદેશ પવિત્ર છે, તેમાંના હુકમો જરૂરના છે, તેમાંનો ઇતિહાસ ખરો છે, અને તેમાંના ઠરાવો અવિકારી તથા અચળ છે. જ્ઞાની થવાને તેને વાંચો, સહિસલામત રહેવાને તેને માનો, અને પવિત્ર થવાને તે પ્રમાણે ચાલો. તમને દોરવાને તેમાં અજવાળું છે, તમારા નિર્વાહને વાસ્તે તેમાં ખોરાક છે અને તમને ખુશી કરવાને ત્યાં દિલાસો છે. તે મુસાફરને વાસ્તે નકસો છે, પંથીની લાકડી છે, નૌકાપતિનું કમપસ છે, સીપાઈની તરવાર છે અને ખ્રીસ્તી માણસનો પરવાનો છે. હિંયાં સ્વર્ગ ખુલ્લું કરવામાં આવેલું છે અને નરકની ભાગળો જાહેર કરવામાં આવેલી છે. ખ્રીસ્ત તેનો મુખ્ય વિષય છે, આપણું ભલુ તેની ધારણા છે અને દેવનો મહિમા તેની મતલબ છે. તે સ્મરણ શક્તિને ભરશે, હૃદયને ચલાવશે, અને પગને દોરશે. ધિમેથી, વારંવાર, અને પ્રાર્થના સહિત તેને વાંચો. તે દોલતની ખાણ છે. મહિમાનું પારાદાઇસ છે, અને ખુશીની નદી છે. જીંદગીમાં તે તમને અપાયું છે, ઇનસાફને વખતે તે ખોલાશે અને સદા યાદ રાખવામાં આવશે. તેમાં ભારે જવાબદારી છે, તે અતિશય મહેનતનો બદલો વાળશે, અને તેના પવિત્ર વૃત્તાંતને જે હલકો સમજશે તેને તે અપરાધી ઠરાવશે.

" પ્રભુ યહોવાહ કહે છે, જુઓ એવા દિવસો આવે છે, કે જે-માં હું દેશમાં દુકાળ મોકલીશ અન્નનો દુકાળ નહિ, કે પાણીની તરસ નહિ પણ યહોવાહનું વચન સાંભળવાનો ( દુકાળ મોકલીશ ) "

" ને તેઓ સમુદ્રથી તે સમુદ્ર સુધી, ને ઉત્તરથી તે છેક પૂર્વ સુધી ભટકશે. યહોવાહનું વચન શોધવાને તે અહિંથી તહિં ન્હાસ્યા કરશે, પણ તે તેઓને મળશે નહિ. " આમોસ ૮; ૧૧, ૧૨.

સમાપ્ત.